# <u>આદિવાસી સંશોધન -વ- તાલીમ કેન્દ્ર, આકૃયુ, દેવગઢ બારીયા ખાતે શાકભાજી પાકોની વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિ અને મૂલ્યવર્ધનની તાલીમનું આયોજન કરી બિયારણ કીટ વિતરણ કરવામાં આવી</u>

આદિવાસી સંશોધન-વ-તાલીમ કેન્દ્ર, આકૃયુ, દેવગઢ બારીયા ખાતે ચાલતી ઓલ ઈન્ડિયા કો-ઓર્ડિનેટેડ રિસર્ચ પ્રોજેક્ટ ઓન ઈન્ટીગ્રેટેડ ફાર્મિંગ સિસ્ટમ અને આદિવાસી મહિલા ખેડૂત તાલીમ કેન્દ્ર યોજનાના સંયુક્ત ઉપક્રમે તા.૦૭/૧૧/૨૦૨૩ અને ૮૦/૧૧/૨૦૨૩ ના રોજ **શાકભાજી પાકોની વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિ અને મૂલ્યવર્ધન** વિષય ઉપર બે દિવસીય તાલીમ કાર્યક્રમ અને કીટ વિતરણ પ્રોગ્રામનું આયોજન કરેલ. આ તાલીમ કાર્યક્રમમાં **ડૉ. સી. જે. પટેલ, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક** એ કેન્દ્ર ખાતે ચાલતી વિવિધ યોજનાઓને લગતી માહિતીથી ખેડૂત ભાઈઓ અને બહેનોને વાકેફ કર્યા, તેઓશ્રી એ શાકભાજી પાકોની સુધારેલી ખેતી પધ્ધતી વિશે સમજ આપી, **ડૉ. એસ. વી. રાઠોડ, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક** એ શાકભાજી પાકોમાં ધરુંવાડિયું તેમજ ખાતર વ્યવસ્થાપન વિશે સમજ આપી, **ડૉ. એ. વાય. માકાણી રિસર્ચ એસોસીએટ** એ શાકભાજી પાકોની નવીન જાતો વિશે સમજ આપી, **ડૉ. ઈ. એચ. પંડયા રિસર્ચ એસોસીએટ** એ ફળ અને શાકભાજી પાકોના મૂલ્યવર્ધન વિશે માહિતી આપી, **ડૉ. એચ.. કે. દેસાઈ રિસર્ચ એસોસીએટ** એ શાકભાજી પાકોમાં પ્રાકુતિક ખાતરોનું મહત્વ વિશે માહિતી આપી તેમજ **ડૉ. એચ. એન. ચૌધરી ખેતી અધિકારી** એ શાકભાજી પાકોમાં ધરુંવાડિયું તેમજ નિંદણ વ્યવસ્થાપન વિશે માહિતી આપી. કાર્યકમના અંતે દુધી, પાપડી, રીંગણ, ડુંગળી, ચોળી અને ભીંડા પાકના બિયારણનું વિતરણ કરવામાં આવેલ. આ બે દિવસીય તાલીમ વર્ગમાં ગરબાડા તાલુકાના આંબલી અને વડવા ગામના કુલ ૩૫ ખેડૂત ભાઈઓ અને ૩૫ બહેનોએ ભાગ લીધો હતો.

આ બે દિવસીય તાલીમનું સંપૂર્ણ સંકલન **શ્રી ડી. જે. ગોહિલ ખેતી મદદનીશ, શ્રી વિ. જે. મોરી ખેતી મદદનીશ** અને **સપના એસ. મુનીયા, યંગપ્રોફેશનલ** દ્ધારા કરવામાં આવેલ હતું.




















આદિવાસી મહિલા ખેડૂત તાલીમ કેન્દ્ર
વનબંધુ કલ્યાણ યોજના, ગુજરાત સરકાર
આણંદ કૃષિ યુનિવર્સિટી
દેવગઢ બારીઆ